# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૯૯ તા.૦૨-૦૧-૨૦૨૦

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે પ્રાથમિક શિક્ષણ મેળવવાપાત્ર ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણની સુવિધા સરળતાથી ઉપલબ્ધ થાય અને એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે તેમજ ૧૦૦% નામાંકન, ૧૦૦% કન્યા કેળવણીના ધ્યેયને સિદ્ધ કરવા માટે,ધો-૮ સુધીનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પહેલાં શાળા છોડી ગયેલા બાળકોનો પુન:પ્રવેશ કરાવવા માટે દર વર્ષે કન્યા કેળવણી રથયાત્રા અને પ્રવેશ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ માટે સ્કૂલ બોર્ડે આગામી શૈક્ષણિક વર્ષ : ૨૦૨૦-૨૧માં ધો.૧માં પ્રવેશ પાત્ર બાળકોનું ૧૦૦% નામાંકન થાય, અધવચ્ચે અભ્યાસ છોડીને ગયેલ વિદ્યાર્થીઓનો પુનઃ પ્રવેશ થાય અને સાથે સાથે પૂર્વ પ્રાથમિક વર્ગમાં પ્રવેશ પાત્ર બાળકોનું પણ નામાંકન થાય તે માટે સર્વે જરૂરી છે. તેથી સવારપાળી તેમજ બપોરપાળીની તમામ શાળાઓના મુખ્ય શિક્ષક સહિતના તમામ શિક્ષકોને પૂર્વ પ્રાથમિકમાં પ્રવેશપાત્ર બાળકોનાં, ધો.૧માં પ્રવેશપાત્ર બાળકોના સર્વે તેમજ પુનઃ પ્રવેશ માટેનાં 'આઉટ ઓફ સ્કૂલ ચિલ્ડ્રન' બાળકોના સર્વે તેમજ નામાંકનની કામગીરી ઝુંબેશ સ્વરૂપે તા.૩૧-૩-૨૦૨૦ સુધીમાં કરવા જણાવવામાં આવે છે.

બપોરપાળીની શાળાના શિક્ષકો શાળા શરૂ થતા પહેલાં ૧૧-૦૦ કલાકે પોતાની શાળાના આસપાસના પોકેટ-ફીડીંગ એરીયામાં જઈ સર્વે-નામાંકનની કામગીરી કરશે. સવારપાળીની શાળાના શિક્ષકો શાળા સમય બાદ પોતાની શાળાના આસપાસના પોકેટ-ફીડીંગ એરીયામાં જઈ સર્વે-નામાંકનની કામગીરી કરશે. રોજે રોજ શિક્ષકોએ સર્વે-નામાંકનના આંકડા પોતાના મુખ્ય શિક્ષકને નોંધાવવાના રહેશે. મુખ્ય શિક્ષકે રજીસ્ટરમાં સર્વે-નામાંકનની સંખ્યા શિક્ષકદીઠ નોંધવી.

સર્વે-નામાંકનની કામગીરી માટે નીચેની સુચનાઓનો અમલ કરવાનો રહેશે.

- એક-જ બિલ્ડીંગમાં બેસતી શાળાના મુખ્યશિક્ષકોએ તમામ પોકેટ એરીયા, ફીડીંગ એરીયાની યાદી સુપરવાઈઝરશ્રી તથા સી.આર.સી.કો-ઓર્ડિનેટર સાથે રહી બનાવવી. તમામ શિક્ષકોને બબ્બેની જોડીમાં એરીયા ફાળવી દેવાના રહેશે. જેની એક નકલ સુપરવાઈઝરશ્રી તથા સી.આર.સી.કો-ઓર્ડિનેટરે પોતાની પાસે રાખવાની રહેશે. આ કામગીરી દરમ્યાન પાસ-પાસે આવેલ શાળાઓના પોકેટ એરીયાનું ડુપ્લીકેશન ન થાય તે ધ્યાને લેવાનું રહેશે.
- સર્વે-નામાંકન થયેલ બાળકોની નોંધ માટે મુખ્ય શિક્ષકે એક 'નવીન પ્રવેશ સર્વે રજીસ્ટર' નિભાવવાનું રહેશે, જેમાં રોજે-રોજ શિક્ષકો પાસેથી વિદ્યાર્થીઓના નામ,સરનામું,જન્મતારીખ તથા સંખ્યા મેળવી તેની નોંધ કરી તારીખ દર્શાવવાની રહેશે.
- તા.૩૧-૫-૨૦૨૦ સુધીમાં પાંચ વર્ષ પૂર્ણ થતા હોય તેવા બાળકોને સર્વેમાં આવરી લેવાના રહેશે અને તેમના વાલી ફોર્મ ભરી તે બાળકનું એડમીશન શાળામાં થઈ ગયું છે તેવી જાણ તે જ સ્થળે વાલીને કરવાની રહેશે.
- તમારી શાળામાં એડમીશન મેળવેલ બાળકોની યાદી નીચે મુજબનાં કોલમમાં બનાવી તેની ઝેરોક્ષ નકલ તમારા વોર્ડમાં ધો.૧ ધરાવતી તમામ શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓ તરફ તા.૨-૧-૨૦૨૦ થી શરૂ કરી દર ૧૫ દિવસનાં અંતે ફરજિયાત મોકલી આપવાની રહેશે, જેથી બાળકોનું ડુપ્લીકેશન ટાળી શકાય.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | સરનામું | જન્મ તારીખ | તમારી શાળામાં પ્રવેશ મેળવ્યા તારીખ |
|---|---|---|---|---|
| | | | | |

- સર્વે દરમ્યાન ધો.૧માં પ્રવેશ પાત્ર કન્યાઓ પૈકી બી.પી.એલ. કાર્ડ ધારક કન્યાઓના નામ, સરનામા તેમજ બી.પી.એલ. કાર્ડની ઝેરોક્ષ મેળવી લેવાની રહેશે.
- સર્વે દરમ્યાન શિક્ષકોએ પોતાની શાળામાં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓને તેમના પાલ્યને નિયમિત શાળામાં મોકલવા અંગે તેમજ તેમના અભ્યાસ અંગેની પણ વાતચીત કરવી.
- સર્વે/નામાંકનની માહિતી તા.૩૧-૧-૨૦૨૦, તા.૧૫-૨-૨૦૨૦, ૨૯-૨-૨૦૨૦,૧૫-૩-૨૦૨૦ અને તા.૩૧-૩-૨૦૨૦ ના રોજ તમારા બીટ સુપરવાઈઝરશ્રીને નીચે મુજબના પત્રકમાં મોકલવાની રહેશે.
- પત્રક નં.૪ આઉટ ઓફ સ્કૂલ ચિલ્ડ્રન (૬ થી ૧૪ વર્ષના શાળા છોડી ગયેલા વિદ્યાર્થીઓ તથા ક્યારેય શાળાએ ન ગયેલા વિદ્યાર્થીઓ)નો સર્વે કરી તા.૩૦-૧-૨૦૨૦ સુધી માહિતી બીટ નિરીક્ષકશ્રીને આપી દેશો.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

૧. જૂન - ૨૦૨૦માં ધો.૧માં અપેક્ષિત પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓની સર્વે આધારીત માહિતી

પત્રક-૧

| ક્રમ | શાળાનું નામ | ધો.૧માં અપેક્ષિત પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓની સંખ્યા | | | તે પૈકી દિવ્યાંગ બાળકો | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| | | | | | | | |

૨. **પુનઃ પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓની માહિતી**

પત્રક - ૨

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વિદ્યાર્થી કયા ધોરણમાંથી ઉઠી ગયેલ છે ? | વિદ્યાર્થી કયા વર્ષમાં ઉઠી ગયેલ હતો. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |

૩. **પૂર્વ પ્રાથમિક વર્ગની માહિતી**

પત્રક-૩

| પૂર્વ પ્રાથમિક વર્ગમાં દાખલ થવા પાત્ર વિદ્યાર્થી સંખ્યા | | |
|---|---|---|
| કુમાર | કન્યા | કુલ |

૪. **આઉટ ઓફ સ્કૂલ ચિલ્ડ્રન (૬ થી ૧૪ વર્ષના શાળા છોડી ગયેલા વિદ્યાર્થીઓ તથા ક્યારેય શાળાએ ન ગયેલા વિદ્યાર્થીઓ)**

પત્રક-૪

| ક્રમ | આઉટ ઓફ સ્કૂલ ચિલ્ડ્રનનું નામ | વિદ્યાર્થીની ઉંમર | જન્મ તારીખ/ સરનામું | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

આગામી શૈક્ષણિક વર્ષમાં ૬ થી ૧૪ના તમામ બાળકો પ્રાથમિક શિક્ષણ મેળવી શકે તે હેતુથી આ સર્વેની કામગીરીનું દરેક શાળાએ વ્યવસ્થિત આયોજન કરી ગંભીરતાથી સર્વેની કામગીરી કરવાની રહેશે, જેની નોંધ લેશો.

તા.૦૨-૧-૨૦૨૦

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૯- A તા.૦૨-૦૧-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- જાન્યુઆરી-૨૦૨૦ થી દર માસના દિનવિશેષની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૭૪૭૭-૭૫૬૫ તા.૩૧-૧૨-૧૯નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે,આગામી જાન્યુઆરી માસથી દિનવિશેષની ઉજવણી કરવાની થાય છે. આ માટે આ સાથે સામેલ બિડાણ પત્રક મુજબ દર્શાવેલ તારીખ અને વારે દિનવિશેષની ઉજવણી શાળાકક્ષાએ કરી તેનો અહેવાલ શાળાકક્ષાએ રાખવાનો રહેશે.

| તારીખ | વાર | દિન વિશેષ | ઉજવણી માટેની તારીખ |
|---|---|---|---|
| ૧૨ જાન્યુઆરી | રવિવાર | સ્વામી વિવેકાનંદ જયંતી, રાષ્ટ્રીય યુવા દિન | ૧૧ જાન્યુઆરી, શનિવાર |
| ૧૫ જાન્યુઆરી | બુધવાર | ભારતીય સેના દિવસ | ૧૫ જાન્યુઆરી,બુધવાર |
| ૨૩ જાન્યુઆરી | ગુરૂવાર | નેતાજી સુભાષચંદ્ર બોઝ જન્મજયંતી | ૨૩ જાન્યુઆરી, ગુરૂવાર |
| ૨૬ જાન્યુઆરી | રવિવાર | પ્રજાસત્તાક દિન | ૨૬ જાન્યુઆરી, રવિવાર |
| ૩૦ જાન્યુઆરી | શુક્રવાર | શહીદદિન / મહાત્મા ગાંધી નિર્વાણ દિન | ૩૦ જાન્યુઆરી, શુક્રવાર |

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૨-૦૧-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૭૪૭૭-૭૫૫૫
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૩૧/૧૨/૨૦૧૯

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ**- જાન્યુઆરી- ૨૦૨૦ થી દર માસના દિન વિશેષની ઉજવણી કરવા બાબત.
**સંદર્ભઃ**- માન. મંત્રીશ્રી શિક્ષણની સૂચનાનુસાર.

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, મનુષ્યના જીવનમાં સમય, તારીખ અને સ્થળનું અનેરૂ મહત્વ છે. દરેક તારીખની સાથે વ્યકિત, વસ્તુ કે પરિસ્થિતિનું કથન હોય છે. જીવનમાં આનંદીત રહેવા માટે અનેક પ્રકારના ઉત્સવો, તહેવારો અને પ્રસંગો આપણે ઉજવીએ છીએ.

માન. મંત્રીશ્રી શિક્ષણની સૂચનાનુસાર જાન્યુઆરી- ૨૦૨૦ થી દિન વિશેષની ઉજવણી તમામ શાળાઓમાં થાય તેવું સુચારૂ આયોજન કરવાનું રહે છે. આ માટે શૈક્ષણિક કાર્યને બાધ્ય ન આવે તે રીતે પ્રાર્થના સભામાં દરેક વિદ્યાર્થીઓ દિન વિશેષ અને વ્યકિત વિશેષથી પરિચિત થાય, મહાનુભાવોના કાર્યથી પરિચિત થાય, તેમજ તેમના જીવનમાંથી પ્રેરણા મેળવે તે જરૂરી છે, આ માટે શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા, શિક્ષક દ્વારા કે મહાનુભાવ દ્વારા પ્રાસંગિક પ્રવૃત્તિ કે વકતવ્યનું પ્રાર્થનાસભામાં વધુમાં વધુ ૧૦ મીનીટ માટે આયોજન તથા અમલીકરણ કરવા અને દિન વિશેષની ઉજવણી કરવા જણાવવામાં આવે છે. આ સાથે જાન્યુઆરી માસની દિન વિશેષની વિગત સામેલ છે.

વધુમાં, આગામી તા. ૧૨ જાન્યુઆરી રવિવારના રોજ જાહેર રજા હોઇ તા. ૧૧ જાન્યુઆરી શનિવારના રોજ સ્વામી વિવેકાનંદ જયંતી "રાષ્ટ્રીય યુવા દિન" ની ઉજવણી કરવાની રહેશે. જેમાં સ્વામી વિવેકાનંદ જયંતીમાં પ્રાસંગીક, વકૃત્વ સ્પર્ધા, વાંચન, લેખન, સ્વામી વિવેકાનંદ શિકાગો પ્રવચન, ધો. ૬ થી ૮ માં પ્રશ્નોત્તરી કરવી, તેમના જીવન કવન અંગેની પ્રવૃત્તિઓ કરવી તેમજ તા. ૧૫ જાન્યુઆરી બુધવારના રોજ ભારતીય સેના દિવસ, તા. ૨૩ જાન્યુઆરી ગુરૂવારના રોજ નેતાજી સુભાષચંદ્ર બોજની જન્મ જયંતી, તા. ૨૬ જાન્યુઆરી રવિવારના રોજ પ્રજાસત્તાક દિન, તા. ૩૦ જાન્યુઆરી શુક્રવાર "શહિદ દિન" મહાત્મા ગાંધી "નિર્વાણ દિન" નિમિત્તે વિવિધ શહિદો, શ્યામજી કૃષ્ણ વર્મા, રામ પ્રસાદ બિસ્મીલ્લ, શહીદ ભગતસિંહ, બીપીન ચંદ્રપાલ, લાલા લજપતરાય, ચંદ્રશેખર આઝાદ, શહિદ વીર વિનોદ કિનારીવાલા તથા અન્ય શહિદોના સ્મરણ અર્થે શહીદ દિનની ઉજવણી કરવી.

Scanned by CamScanner

વધુમાં, આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓની દિન વિશેષ ઉજવણીની માહિતી નીચે જણાવેલા ફોર્મેટ મુજબ ગુગલ એકશલશીટમાં શ્રુતિફોન્ટમાં પ્રત્યેક ઉજવાયેલા જે તે દિન વિશેષની વિગતો ભરી સમયાંતરે મોકલી આપવા આથી જણાવવામાં આવે છે. લીંકમાં માહિતી કેવી રીતે ભરવી તેની જાણ આ મુજબ છે.

(૧) લીંક ઓપન કરવી.

(૨) જે તે જિલ્લાના DEO/DPEO/AO પોતાના જિલ્લાના નામ સામે જ માહિતી ભરવી.

(૩) ગુગલ શીટમાં શીટના નામમાં દિન વિશેષ અને તારીખ લખેલી છે. જે તે દિન વિશેષ અને તારીખ મુજબ માહિતી ભરવાની રહેશે.

**DEO:-**
https://docs.google.com/spreadsheets/d/1QoUTfPE82Z_YIkO6ziKp5JM5uwKizIB5r0bioxCzuSM/edit?usp=sharing

**DPEO:-**
https://docs.google.com/spreadsheets/d/1ONP80qkWYG3klc6OdomIZL0Qj3Yfl1bxQH6AbURH5E8/edit?usp=sharing

**AO:-**
https://docs.google.com/spreadsheets/d/1cQ9XmGWOAE-fHxeMJw6YobLFR287jp7zuz9h76u8-1c/edit?usp=sharing

બિડાણઃ- એકસેલ શીટ તથા દિન વિશેષની વિગત

સંયુકત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાનાઃ-**

- અંગત સચિવશ્રી, માન. શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ- ૧, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર
- માન. સચિવશ્રી (પ્રા.અને મા.શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Scanned by CamScanner

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

ગાંધીનગર

# દિન-વિશેષ

## જાન્યુઆરી

Scanned by CamScanner

# જાન્યુઆરી માસ

| તારીખ | વાર | દિન વિશેષ |
|---|---|---|
| 12 જાન્યુઆરી | રવિવાર | સ્વામી વિવેકાનંદ જયંતી- રાષ્ટ્રીય યુવા દિન |
| 15 જાન્યુઆરી | બુધવાર | ભારતીય સેના દિવસ |
| 23 જાન્યુઆરી | ગુરૂવાર | નેતાજી સુભાક્ષચંદ્ર બોઝ જન્મજયંતી |
| 26 જાન્યુઆરી | રવિવાર | પ્રજાસત્તાક દિન |
| 30 જાન્યુઆરી | શુક્રવાર | શહીદ દિન / મહાત્મા ગાંધી નિર્વાણ દિન |

Scanned by CamScanner

12 જાન્યુઆરીઃ **રાષ્ટ્રીય યુવા દિવસઃ સ્વામી વિવેકાનંદ જન્મજયંતી**

ભારત અને ભારતીય સંસ્કૃતિનો સમગ્ર વિશ્વના મંચ પર ડંકો વગાડનાર સ્વામી વિવેકાનંદની જન્મજયંતી એ જ રાષ્ટ્રીય યુવા દિવસ. સમગ્ર દેશના યુવાનોને उत्तिष्ठत: जाग्रत: प्राप्यवरान्निबोधत: (ઉઠો-જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી પ્રયત્નશીલ રહો) આપનાર સ્વામી વિવેકાનંદનો જન્મ 12 મી જાન્યુઆરી 1863 ના રોજ કલકત્તામાં થયો હતો. ભારતના આ મહાન સપૂત , વેદાંતિક તત્વજ્ઞાનના પ્રખર પુરસ્કર્તા , નરેન્દ્ર વિશ્વનાથ દત્તને બી.એ. પાસ થયા પછી પણ નોકરી પ્રાપ્ત ન થઈ. ગુરુ રામકૃષ્ણ પરમહંસની કૃપાથી આધ્યાત્મિક જિજ્ઞાસા પ્રાપ્ત થઈ અને 1884માં સન્યાસ ધારણ કર્યો. 1893 માં અમેરિકાના શિકાગો શહેરમાં ભરાયેલી વિશ્વ ધર્મપરિષદમાં હિંદુ ધર્મના પ્રતિનિધિ તરીકે વિશ્વના ધર્મધુરંધરોની ઉપસ્થિતિમાં ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ ઉભી કરી. ભારતની અને ભારતવાસીઓનો પરિચય સમગ્ર વિશ્વને કરાવ્યો.

ગુરુ રામકૃષ્ણ પરમહંસની સ્મૃતિમાં રામકૃષ્ણ મિશનની સ્થાપના કર્યા બાદ મિશનના બ્રહ્મચારીઓને વેદાંત, ગીતા દર્શન વગેરે ગ્રન્થોના અભ્યાસાર્થે બેલૂર મઠની સ્થાપના કરી.

ભારતભરમાં 12 જાન્યુઆરીને સ્વામી વિવેકાનંદની સ્મૃતિમાં યુવા દિન તરીકે ઉજવવામાં આવે છે.

**શાળાકક્ષાએ કરવાની પ્રવૃત્તિઃ-**

- ➢ સ્વામી વિવેકાનંદના પ્રવચનો audio વિદ્યાર્થીઓને સંભળાવવાં.
- ➢ વિવેકાનંદનાં (પ્રવચનોમાં જે સિદ્ધાંતો , ભારતીય સંસ્કૃતિની ઓળખ આપતાં) વિધાનો પર ચાર્ટ બનાવડાવવો.
- ➢ સ્વામી વિવેકાનંદના પ્રવચનોની ગ્રન્થમાળાનો વિદ્યાર્થીઓને પરિચય કરાવવો.
- ➢ સ્વામી વિવેકાનંદના જીવન પરની Documentary Film બતાવવી.
- ➢ भारत एक खोज - જવાહરલાલ નહેરુના Discovery of India પુસ્તકના આધારે શ્યામ બેનેગલની ટી.વી. શ્રેણીમાંનો સ્વામી વિવેકાનંદ પરનો Episode દર્શાવવો.
- ➢ સ્વામી વિવેકાનંદના જીવન પર તૈયાર થયેલી animated movie દર્શાવવી.
- ➢ સ્વામી વિવેકાનંદના જીવન પર તૈયાર થયેલ ફિલ્મ (English) Believe Production Movie દર્શાવવી.
- ➢ કોઈક વિદ્યાર્થી / શિક્ષક સ્વામી વિવેકાનંદના પહેરવેશમાં પ્રાર્થનાસભામાં પોતાનો પરિચય આપે.
- ➢ વિવેકાનંદ વિશે નિબંધ / વક્તૃત્વ સ્પર્ધા આયોજન

**સંદર્ભઃ-**


- દિન-મહિમા, સં: બિપીનચંદ્ર વૈષ્ણવ, નવસર્જન પબ્લિકેશન, અમદાવાદ
- માનવ પુષ્પોની મહેક (એલ.વી.જોશી)
- વિકિપીડિયા


Scanned by CamScanner

## 15, જાન્યુઆરી - ભારતીય સેના દિવસ

15, જાન્યુઆરીને ભારતમાં પ્રતિવર્ષ સેના દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જનરલ કે.એમ. કરી અયપ્પાએ બ્રિટનના સર આર.બૂચ પાસેથી ભારતીય ભૂમિદળના પ્રથમ ભારતીય સેનાપતિ તરીકે કાર્યભાર સંભાળી લીધો. તેની યાદમાં આ દિવસને સેનાદિન તરીકે ઉજવવામાં આવે છે.

ભૂમિદળ (આર્મી) ના વડા ચીફ ઓફ આર્મી સ્ટાફ કહેવાય છે. તેમની મદદમાં વાઈસ ચીફ ઓફ આર્મી સ્ટાફ, પાંચ મુખ્ય (પ્રિન્સિપાલ) સ્ટાફ ઓફિસર્સ (1) ડેપ્યુટી ચીફ (2) એજ્યુસ્ટ્રન્ટ જનરલ (3) માસ્ટર જનરલ ઓફ આર્ડનન્સ (4) કવાર્ટર માસ્ટર જનરલ અને (5) મિલિટરી સેક્રેટરી હોય છે.

ભૂમિદળની સંખ્યા 1990 માં ૧૨ લાખની હતી. મે 1993 માં જમીનથી જમીન ઉપર પ્રહાર કરવા માટે ભારતમાં જ બનાવેલું પૃથ્વી મિસાઈલ ભૂમિદળમાં દાખલ કરેલ છે અને પાકિસ્તાન સામે રક્ષણ માટે તે પંજાબમાં રાખવામાં આવેલ છે.

આ સેના દિવસે આર્મી કમાન્ડના મુખ્ય મથક અને રાષ્ટ્રીય રાજધાનીમાં અનેક લશ્કરી શો સહિત લશ્કરી પરેડનું આયોજન કરવામાં આવે છે. નવી દિલ્હીમાં ઈન્ડીયા ગેટ ખાતે “અમર જવાન જયોતિ” ખાતે ભોગ આપેલા ભારતીય સૈન્ય સૈનિકોને શ્રદ્ધાંજલિ આપવાનું શરૂ કરવા માટે આ દિવસને ભારતીય સૈન્ય દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો.

**શાળા કક્ષાએ કરવાની પ્રવૃત્તિઓ:-**

- દેશભક્તિ ગીત સ્પર્ધા આયોજન
- દેશભક્તિના ચાર્ટ ચિત્રો પુસ્તકોનું પ્રદર્શન
- દેશભક્તિ આધારિત ફિલ્મનું નિદર્શન
- દેશભક્તિ આધારિત નાટક કરી શકાય.
- નિવૃત આર્મીમેનનો શાળામાં બોલાવી એના અનુભવ સંભળાવવા.

**સંદર્ભ:-**


- વિશિષ્ટ દિન ઉજવણી – બીપીનચંદ્ર વૈષ્ણવ
- વિકિપીડિયા


Scanned by CamScanner

23 મી જાન્યુઆરી - નેતાજી સુભાષચંદ્ર બોઝ જન્મજયંતી

" तुम मुजे खून दो, मैं तूम्हे आजादी दूंगा "।

ભારતનો ઈતિહાસ અનેક મહાપુરુષોના જીવન પ્રસંગો અને બલિદાનોના રંગથી રંગાયેલો છે. આપણા દેશની આઝાદીના સંગ્રામમાં અનેક મહાપુરુષોએ પોતાનો યત્કિંચિત ફાળો આપેલો છે. આવા દેશપ્રેમીઓની યાદીમાં એક નામ સુભાષચંદ્ર બોઝનું પણ છે. ભારત માતાની સ્વતંત્રતા મા ટે સુભાષચંદ્ર બોઝ પણ જીવનના અંત સુધી ઝઝૂમ્યા હતા.

સુભાષચંદ્ર બોઝનો જન્મ ઓરિસ્સા રાજયના કટક નામના શહેરમાં સને ૧૮૯૭ની ૨૩મી જાન્યુઆરીના દિવસે થયો હતો. તેમના પિતાનું નામ જાનકીદાસ અને માતાનું નામ પ્રભાવતી હતું. માતા-પિતા ધાર્મિકવૃત્તિવાળા હતા.

સુભાષચંદ્ર પાંચ વર્ષના થયા એટલે મિશનરી શાળામાં અભ્યાસ માટે ગયા. તેના જીવન પર શિક્ષક બેનીમાધવની જબરજસ્ત અસર થઈ. તેમના જીવન પર સ્વામી વિવેકાનંદના ભાષણની ખૂબ જ અસર થઈ. એક દિવસ સુભાષચંદ્ર બોઝ ઘર છોડી ચાલ્યા ગયા. આ દરમ્યાન એક સાધુએ તેને સંસારમાં રહીને સેવા કરવાનો ઉપદેશ આપ્યો.

સુભાષચંદ્ર બોઝ કોલકતાની કોલેજમાં ભણ્યા. તેમને અંગ્રેજોની શિસ્ત , સમયપાલન, કામ કરવાની ધગશ તથા લગાવ ખૂબ જ ગમતા. તેમણે ઈગ્લેન્ડ જઈ આઈ.સી.એસ.ની પરીક્ષામાં ચોથા નંબરે પાસ થયા.

સુભાષચંદ્ર બોઝે ઈ.સ. 1943 માં "ચલો દિલ્લી" નું એલાન આપ્યું. આઝાદહિંદ ફોજે કોહીમા અને ફાલમ જીતી લીધુ ત્યાથી ઈમ્ફાલ તરફ આગળ વધતા રસ્તામાં વરસાદ , પૂર, ખોરાકના પૂરવઠાના અભાવનો સામનો કરવો પડ્યો. તેથી ફોજને પાછા ફરવાનું એલાન કર્યું . 1945 ની જાન્યુઆરી મહિનામાં આઝાદ હિંદ સરકારે ફરી હુમલો કરવાની તૈયારી શરૂ કરી. અમેરિકાએ જાપાનના હિરોશીમાં નગર પર અણુબૉબ ફેંક્યો. આથી નેતાજી સુભાષચંદ્રને જાપાન તરફથી મળતી મદદ બંધ થઈ ગઈ.

માર્ચ માસમાં જાપાને રંગૂન છોડ્યું. બ્રહ્મદેશ અને જાપાનની મદદ બંધ થઈ. ૨૪મી એપ્રિલ ૧૯૪૫ ના દિવસે સુભાષબાબુ વિમાન માર્ગે રંગૂનથી બેંગકોક રવાના થયા. બેંગકોકથી સિંગાપુર ગયા , ૧૬મી ઓગષ્ટ ૧૯૪૫ ના દિવસે તેઓ સિંગાપુરથી ટોકિયો જવા રવાના થયા.

સુભાષબાબુએ કરવુ હતુ કંઈ અને વિધિને મંજૂર હતું કંઈ બીજુ જ. મા ભોમની મુક્તિ માટે જેનું સમગ્ર અસ્તિત્વ કાર્યરત હતુ એવા દેશના સપુત સુભાષબાબુ જે વિમાનમાં મુસાફરી કરી રહ્યા હતા તે વિમાન ૧૮મી ઓગષ્ટ ૧૯૪૫ ના દિવસે બપોરે બે વાગ્યે રસ્તામાં તૂટી પડ્યું. વિમાન સળગી ઊઠ્યુ અને નેતાજીનું શરીર નાશ પામ્યુ. આ સમાચાર જાપાનની રેડિયો પરથી ૨૬મી ઓગષ્ટ ૧૯૪૫ ના દિવસે પ્રસાર થયા.

ભારતે એક સપૂત ગુમાવ્યો પણ તેનું મૃત્યુ એક રહસ્ય છે.

Scanned by CamScanner

સિંહને શસ્ત્ર શાં? વીરને મૃત્યુ શાં?

સુભાષચંદ્ર બોઝનું વ્યક્તિત્વ અનોખું હતું. તેમનામાં ચાણક્યનીતિ , વ્યવહારકુશળતા, સફળ નેતૃત્વશક્તિ, પ્રખર બુદ્ધિ, કુનેહ જેવા ગુણો હતા. લોકો તેમને નેતાજી કહેતા. ધનવાન્ પિતાના પુત્ર હોવા છતાં તેમની જીવનશૈલી સાદી હતી. તેમના રગેરગમાં દેશપ્રેમ વ્યાપેલો હતો. હિન્દુસ્તાનનું કોઈ ઘસાતું બોલે તો તેઓ સહી શકતા નહીં.

સુભાષચંદ્ર બોઝ આજે આપણી વચ્ચે રહ્યા નથી. પરંતુ તેમની દેશભક્તિ અને કુરબાનીની યશગાથા પ્રત્યેક ભારતવાસીને સદાય પ્રેરણા આપતી રહેશે.

**<u>શાળા કક્ષાએ કરવાની પ્રવૃત્તિઓઃ-</u>**

૧. શાળામાં સુભાષચંદ્ર બોઝના જીવન વિષે વાર્તાલાપ યોજવો.
૨. સુભાષ બાબુએ કરેલી આઝાદ હિંદ ફોજની રચના વિષે વાર્તાલાપ.
૩. ધ ફરગોટન-હિરો ફિલ્મનું નિદર્શન

**<u>સંદર્ભઃ-</u>**

"વિશેષ દિન ઊજવણી" – લેખકઃ અમૃત બાન્ટાઈવાળા

Scanned by CamScanner

26 જાન્યુઆરી - પ્રજાસત્તાક દિન

તા.૧૫ મી ઓગષ્ટ ૧૯૪૭ ના રોજ ભારત દેશ બ્રિટિશ શાસનથી મુક્ત (સ્વતંત્ર) થયો અને બંધારણ સભાની રચના કરી. તેણે તા.૨૬/૧૧/૪૯ ના રોજ નવા પ્રજાસત્તાક ભારતનું બંધારણ મંજૂર કર્યું. પરંતુ તેનો અમલ 26મી જાન્યુઆરી 1950 થી કરવા ઠરાવ્યું. આથી આ દિવસને પ્રજાસત્તાક દિન તરીકે ઉજવવામાં આવે છે.

રાષ્ટ્રીય કોંગ્રેસના લાહોર મુકામે ડિસેમ્બર 1929માં પંડિત જવાહરલાલ નહેરુના પ્રમુખપદે અધિવેશનમાં પૂર્ણ સ્વરાજયનો ઠરાવ પસાર કરી તા. 31/12/1929 ના રોજ ત્રિરંગો ધ્વજ લહેરાવી 26 મી જાન્યુઆરીને સ્વાતંત્ર્ય દિન તરીકે દર વર્ષે ઉજવવાનું નક્કી કર્યું. તેથી ભારતની સ્વતંત્રતા પછી પણ 26 મી જાન્યુઆરીની યાદ અને લડતની સ્મૃતિ જાળવવા બંધારણનો અમલ માટે પ્રજાસત્તાક દિન તરીકે 26 મી જાન્યુઆરી નક્કી કરી તેનો અમલ કરવામાં આવ્યો. આથી દર વર્ષે 26 મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિન તરીકે આપણે ઉજવી ભૂતકાળના સમર્પણ અને શહીદોને યાદ કરીએ છીએ.

શાળાકક્ષાએ કરવાની પ્રવૃત્તિઓ:-

- દેશભક્તિ ગીત સ્પર્ધા આયોજન
- સ્વાતંત્ર્ય ચળવળ વિશે વક્તૃત્વ / નિબંધ સ્પર્ધા
- પ્રજાસત્તાક દિવસના નિયમિત કાર્યક્રમમાં દેશભક્તિને લગતા કાર્યક્રમો રજૂ કરવા.
- ‹પ્રજાસત્તાક રાજ્ય› એટલે કેવું રાજ્ય તેની સ્પષ્ટતા વિદ્યાર્થીઓ સમક્ષ કરવામાં આવે.
- 26 મી જાન્યુઆરી સાથે જોડાયેલ ઐતિહાસિક બાબતો બાળક પોતે રજૂ કરે.
- ગીત, નાટક, અભિનયગીત વગેરેની રજૂઆત.
- દેશભક્તિને લગતી Film બતાવી શકાય.

સંદર્ભ:-


[1] વિશિષ્ટ દિન ઉજવણી – બીપીનચંદ્ર વૈષ્ણવ
[2] વિશિષ્ટ દિન ઉજવણી – બીપીનચંદ્ર વૈષ્ણવ
[3] વિકિપીડિયા


Scanned by CamScanner

30 જાન્યુઆરી **શહીદ દિન / મહાત્મા ગાંધી નિર્વાણ દિન**

મહાત્મા ગાંધીજીનો નિર્વાણ દિન 30 મી જાન્યુઆરી, શહીદ દિન તરીકે ઉજવવામાં આવે છે. સમગ્ર દેશમાં આઝાદીના તમામ શહીદોને શ્રદ્ધાંજલિ આપતો આ દિવસ શ્રદ્ધાંજલિ દિન તરીકે પણ ઓળખાય છે.

**શાળાકક્ષાએ કરવાની પ્રવૃત્તિઓ:-**

- ગાંધીજીના જીવન પર આધારિત ફિલ્મ બતાવી શકાય.
- ગાંધીજીના મૂલ્યો પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરી શકાય.
- ભારત દેશના સૈનિકના જીવનનું મહત્વ દર્શાવતી ફિલ્મ બતાવી શકાય.
- સૈનિક શા માટે શહીદ કહેવાય – ।શહીદ* એટલે કોણ તે વિશે વક્તાનું વ્યાખ્યાન ગોઠવી શકાય.

Scanned by CamScanner

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૯૯-B તા.૦૨-૦૧-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- નિષ્ઠા તાલીમમાં હાજર રહેવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જસભ/તલમ/૨૦૧૯/૪૮૫૪-૫૮ તા.૩૧-૧૨-૧૯

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, જીસીઈઆરટી, ગાંધીનગર તથા સમગ્ર શિક્ષા અંતર્ગત રાજયના તમામ શિક્ષકોને નિષ્ઠા તાલીમ આપવાની થાય છે.

આ તાલમીમાં નીચે જણાવેલા સ્થળ, તારીખ અને સમયે ધોરણવાર બિડાણ યાદી મુજબના શિક્ષકોને બીનચૂક મોકલી આપવાના રહેશે.

તૃતીય ફેઝ : તા.૬-૧-૨૦૨૦ થી તા.૧૦-૧-૨૦૨૦
(તૃતીય ફેઝની યાદી મુજબના શિક્ષકો માટે)

સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેર , ગોતા.

સમય : સવારના ૧૧-૦૦ કલાકથી

બિડાણ :- તૃતીય ફેઝની તાલીમ માટેના શિક્ષકોની યાદી

તા.૦૨-૦૧-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

| firstname | lastname | |
|---|---|---|
| VISHNUBHAI | PATEL | VADAJ 1 |
| ASHABEN | PATEL | VADAJ 1 |
| HARSHADKUMAR | RATHOD | VADAJ 1 |
| NAYANABEN | PATEL | VADAJ 1 |
| HEMLATABEN | PATEL | VADAJ 1 |
| HETAL | PATEL | VADAJ 1 |
| KOKILABEN | MODI | VADAJ 3 |
| SHARDABEN | GAMETI | VADAJ 3 |
| VIBHABEN | RATHOD | VADAJ 3 |
| HASUMATIBEN | PATEL | VADAJ 3 |
| JYOTSNABEN | PATEL | VADAJ 3 |
| SUHAGINIBEN | RATHOD | KESHAVNAGAR SCHOOL NO. 1 |
| NAYNABEN | JANI | KESHAVNAGAR SCHOOL NO. 1 |
| SANGITABEN | PATEL | KESHAVNAGAR SCHOOL NO. 1 |
| SAROJBEN | PRAJAPATI | SABARMATI SCHOOL NO.8 |
| RANJANBEN | SUTARIYA | SABARMATI SCHOOL NO.8 |
| JYOTSANABEN | PARMAR | SABARMATI SCHOOL NO.8 |
| RAMILABEN | PATEL | SABARMATI SCHOOL NO.8 |
| SANGITABEN | PATEL | SABARMATI SCHOOL NO.8 |
| KOKILABEN | THAKOR | SABARMATI SCHOOL NO.8 |
| NAVINCHANDRA | PATEL | SABARMATI SCHOOL NO.8 |
| MANGESHBHAI | PATEL | ELLISBRIDGE 4 |
| SUNITABEN | PATEL | ELLISBRIDGE-2 |
| VANDANABEN | PRAJAPATI | ELLISBRIDGE-6 |
| HANSABEN | GOHEL | ELLISBRIDGE-6 |
| BEENABEN | PATEL | ELLISBRIDGE-6 |
| PRAGNABEN | THAKOR | ELLISBRIDGE SCHOOL NO:14 |
| ALPESH | JADAV | ELLISBRIDGE SCHOOL NO:14 |
| MITABEN | PANCHAL | ELLISBRIDGE SCHOOL NO:14 |
| BHARGAVIBEN | BHATT | NARANPURA 6 |
| KUSUMBEN | PATEL | NARANPURA 6 |
| BHAVNABEN | JOSHI | SHAHPUR 2 |
| NAYANABEN | PATEL | SHAHPUR 2 |
| PARULBEN | PATEL | SHAHPUR 4 |
| AVANIKA | PATEL | SHAHPUR 4 |
| AMRUTBHAI | CHAUDHARI | SHAHPUR 4 |
| KALPANABEN | VYAS | SHAHPUR GUJARATI 06 |
| VARSHABEN | PATEL | SHAHPUR GUJARATI 06 |
| LATABEN | PATEL | SHAHPUR GUJARATI 06 |
| KOKILABEN | PARMAR | SHAHPUR GUJARATI 06 |
| NILABEN | LOTAVALA | SHAHPUR GUJARATI 06 |
| YOGINIBEN | PATEL | SHAHPUR GUJARATI 06 |
| CHANDRIKABEN | PATEL | SHAHPUR GUJARATI 06 |
| KINNARIBEN | PATEL | SHAHPUR GUJARATI 06 |
| KANCHANABEN | RATHOD | SHAHPUR GUJARATI 06 |
| RITABEN | SHELAT | SHAHPUR GUJARATI 08 |
| SUMITRABEN | RAMI | SHAHPUR GUJARATI 06 |
| HINABEN | TRIVEDI | SHAHPUR GUJARATI 11 |
| HINALBEN | PRAJAPATI | SHAHPUR GUJARATI 11 |

| | | |
|---|---|---|
| HANSABEN | PATEL | SHAHPUR GUJARATI 16 |
| SHILPABEN | KHARADI | AMRAIWADI 6 |
| DIMPALBEN | PATEL | AMRAIWADI 6 |
| MINAXIBEN | PATEL | AMRAIWADI 4 |
| Shree Ranjanben | Prajapati | AMRAIWADI 14 |
| Shree Minaxiben | Raval | AMRAIWADI 14 |
| MINAXIBEN | PATEL | AMRAIWADI 16 |
| GOVINDBHAI MANGALBHAI | PATEL | KARASANNAGAR GUJ 2 |
| BHANUMATIBEN CHHAGANBHAI | PARMAR | KARASANNAGAR GUJ 2 |
| sonalkumari premanand | panchal | ODHAV GUJ 4 |
| MANJULABEN | PATEL | G.I.D.C.GUJARATI SHALA NO.2 ODHAV |
| BHAVANABEN | PRAJAPATI | G.I.D.C.GUJARATI SHALA NO.2 ODHAV |
| STELA | CHRISTIAN | KHOKHRA 12 |
| HANSHABEN | PANCHAL | ODHAV GUJ 3 |
| RUPALBEN | PATEL | ODHAV GUJ 3 |
| Bhupendra | Thakor | RAJPUR GUJ. SCHOIL No. 9 |
| SILVIYABEN SURESHCHANDRA | KRICHIYAN | RAJPUR 1 |
| TOFIKABANU ZAHIR HUSEN | SHEKH | RAJPUR 1 |
| SUMITRABEN | TADVI | RAJPUR GU NO.3 |
| SHARMILABEN BABULAL | PANCHAL | RAJPUR -18 |
| HANSABEN SURESHBHAI | PATEL | RAJPUR -18 |
| Gulsanbanu | mansuri | Kalupur 17 |
| SARASVATIBEN | BHAVSAR | GOMTIPUR 6 |
| ALKABEN | RAVAL | GOMTIPUR GUJ .2 |
| SUMANBEN | KHALASI | GOMTIPUR GUJARATI SCHOOL- 4 |
| DAXABEN | JETHVA | LILANAGAR GUJ 2 |
| VANITABEN | PANCHAL | LILANAGAR GUJ 2 |
| HETALBEN J. | PATEL | PURUSHOTAM GUJ 2 |
| MAHENDRASINGH | CHAUHAN | PURUSHOTTAMNAGAR HINDI SCHOOL NO. 1 |
| AJAYKUMAR | RUHELA | AMBIKANAGAR HINDI SCHOOL NO. 1 |
| RAJIVKUMAR | MISHRA | KARSHANNAGAR HINDI-1 |
| ZOHARAKHATOON SAEEDAHMED | ANSARI | BAPUNAGAR URDU-2 |
| ZARINABANU IQBALHUSAIN | ANSARI | BAPUNAGAR URDU-2 |
| SHARFUDDIN NASIRUDDIN | SHAIKH | BAPUNAGAR URDU SCHOOL NO. 4 |
| MOHAMMED HASNAIN | ANSARI | Sundramnagar Urdu School No.2 |
| RUKHSANABANU ABBASALI | SHAIKH | RAKHIYAL URDU NO 2 |
| Nafisabanu | Shaikh | Rajpur urdu school no.4 |
| RASHIDABANU GULAMNABI | JOJAWARWALA | GOMTIPUR URDU 4 |
| Sayrabanu | Munshi | GOMTIPUR.U.2 |
| Mo.mmubeen | Ansari | GOMTIPUR.U.2 |
| mubin allah | Ansari | GOMTIPUR.U.6 |
| NOORJHAN H. | BISORA | DUDHESHWAR - URDU - 1 |
| SAZIYABANU M. | QURESHI | DARIYAPUR URDU SCHOOL NO.2 |
| SHAHINBANU | RESHAMWALA | SHAHIBAUG URDU-1 |
| OJHA | SHASHIKANT | AMRAIWADI-H.8 |

| | | |
|---|---|---|
| AJITKUMAR | CHAUHAN | GOMTIPUR H - 1 |
| VASUDEV J | YADAV | RAJPUR HINDI 2 |
| MAURYA | MOHANLAL L | AMRAIWADI-H.9 |
| Sadari | Kori | Bapunagar hindi 4 |
| RAMJAGAT | SHARMA | SARASPUR HINDI 2 |
| RAJESHKUMAR | KSHTRIYA | BAPUNAGAR HINDI SCHOOL NO.8 |
| Babubhai | Prajapati | ASARWA GUJ 9 |
| falguni ben | mehta | ASARWA GUJ 9 |
| varsha | thakor | ASARWA GUJ 8 |
| UMESHKUMAR | PARMAR | NARODA ROAD 1 |
| AMITABEN | PATEL | AMDUPURA GUJ 1 |
| INDIRABEN | DAVE | SARASPUR 6 |
| MANISHABEN | MODI | SARASPUR-9 |
| PRIYANKABEN | MODI | SARASPUR 11 |
| RIMA | CHAVDA | SARASPUR 11 |
| JALPABEN | SAVALIYA | SARASPUR-1 |
| PALAKBEN | DESAI | SARASPUR-13 |
| JIGNASABA | ZALA | SARASPUR-13 |
| JIGNASHABEN L | PATE | SARASPUR 3 |
| RAJESHKUMAR | PATEL | NARODA -1 |
| CHANDRAKANT | PATEL | NARODA -1 |
| NITABEN | PATEL | NARODA-4 |
| HIRENKUMAR | SHAH | MUTHIYA-1 |
| JAGADISHBHAI | PATEL | NOBALNAGAR GUJARATI 3 |
| SEVINABEN | SUVERA | KUBERNAGAR GUJ 4 |
| JANAKBEN | PARMAR | KUBER ENG.1 |
| POORVIIBEN | PATEL | CHHARANAGAR GUJ.1 |
| LEENABEN | PANCHAL | CHHARANAGAR GUJ.1 |
| ANJANABAHEN | BHAGORA | KUBERNAGAR ENGLISH SCHOOL NO 4 |
| PRABHATBHAI | RABARI | KUBERNAGAR AMBAVADI GUJ 1 |
| HARSHADBHAI | PATEL | HANSOL GUJ SCHOOL NO 1 |
| PINJAL | PATEL | HANSOL GUJ SCHOOL NO 1 |
| MUKESHKUMAR RAMABHAI | PATEL | THAKKARBAPANAGAR GUJARATI SCHOOL NO.1 |
| VIPULKUMAR AMBALAL | SHAH | S.R.P. GU.SHALA NO-2 |
| KRUNAL | PATEL | THAKKARBAPANAGAR ENG NO :1 |
| SANGITABEN | PATEL | KRUSHNANAGAR GUJ.01 |
| ashvin r | patel | SARDAR VALLABHBHAI PATEL SHALA SANKUL GUJARATI |
| UPENDRAKUMAR A | CHAVDA | MEGHANINAGAR GUJ SCH 1 |
| NARENDRABHAI M | MALIVAD | MEGHANINAGAR GUJ SCH 1 |
| POOJABEN | JAYSWAL | asarwa school no 23 |
| SWETABEN | PRAJAPATI | asarwa school no 23 |
| Pinalben | Mehta | ASARWA SCHOOL NO-4 |
| ASHOK | MODI | **KUBERNAGAR AMB H - 1** |
| JANARDHAN | SHRIPATI | KUBERNAGAR AMB H - 1 |
| SANTOSH | KAKSHATRIYA | **KUBERNAGAR HINDI SHALA NO 4** |
| RAMAKANT | FAHRIVALA | THAKKAR HI SCHOOL - 1 |
| Hansaben | Rafaliya | BAPUNAGAR GUJARATI SCHOOL NO. 13 |
| BHARATBHAI | WADHVANI | SARASPUR GUJ. SHALA NO.7 |
| TANVIBEN | PATEL | RAKHIYAL GUJ 1 |

| | | |
|---|---|---|
| KANUBHAI | PATEL | RAKHIAL ENGLISH 1 |
| DEEPAKBHAI | SHAH | BAPUNAGAR GUJARATI SHALA NO.5 |
| KALPANABEN | GADHVI | BAPUNAGAR GUJ-2 |
| MEENABEN | JESRANI | BAPUNAGAR GUJARATI SCHOOL NO.16 |
| KOKILABEN | RAJPUT | BAPUNAGAR GUJ-3 |
| LILAVATI | MAKWANA | ASARWA SCHOOL NO 11 |
| Hetalben | Raval | NOBALNAGAR GUJ 01 |